# ECHO OF HIS CALL

## સાદનો પ્રતિસાદ

GUJARATI

*India's National Spiritual Newspaper*

₹ 10/-

Published monthly in ENGLISH, TAMIL, MALAYALAM, TELUGU, HINDI, KANNADA, MARATHI, BENGALI, GUJARATI, ODIYA, ASSAMESE, PUNJABI, NEPALI, URDU, SINHALA & AFRIKAN

**Editor : S. SAM SELVA RAJ** | **16 Languages** | **Associate Editor : Bro. PANKAJ C. WADIA**

VOL: XXVIII | YEAR OF OUR LORD JESUS CHRIST, 2026 MARCH | NO: 01


## પવિત્ર બાઈબલ

કૃપા કરી આ ભાગ મોટે કરો

**ગીતશાસ્ત્ર ૪ : ૧ થી ૮**

૧. હે મને ન્યાયી ઠરાવનાર મારા દેવ, હું વિનંતી કરું ત્યારે મને ઉત્તર દેજે; સંકટને વખતે તેં મને છોડાવ્યો છે; મારા પર દયા રાખીને મારી પ્રાર્થના સાંભળજે.

૨. હે મનુષ્યો, તમે ક્યાં સુધી મારા ગૌરવનું અપમાન કરશો? તમે ક્યાં સુધી વ્યર્થતા ઈચ્છશો અને જૂઠાણું ચાહશો?

૩. પણ જાણો કે જે પવિત્ર છે તેને યહોવાએ પોતાને વાસ્તે પસંદ કર્યો છે; હું યહોવાને વિનંતી કરું, ત્યારે તે મારું સાંભળશે.

૪. તેનાથી ભયભીત થાઓ, અને પાપ ન કરો; બિછાના પર પોતાના હૃદયમાં વિચાર કરો, ને છાના રહો.

૫. ન્યાયીપણાના યજ્ઞો ચઢાવો, અને યહોવા પર ભરોસો રાખો.

૬. કોણ અમારી આબાદાની કરી બતાવશે? એવું પૂછનાર ઘણા છે; હે યહોવા, તારા મુખનો પ્રકાશ અમારા પર પાડ.

૭. લોકનું ધાન્ય તથા દ્રાક્ષારસ વધ્યાથી તેમને આનંદ થાય છે, તે કરતાં વધારે આનંદ તેં મારા હૃદયમાં મૂક્યો છે.

૮. હું શાંતિમાં સૂઈ જઈશ, તેમ જ ઊંઘી પણ જઈશું; કેમ કે, હે યહોવા, હું એકલો હોઉં ત્યારે પણ તું મને સલામત રાખે છે..

# ઈશ્વરની હાજરીમાં તમને આશીર્વાદિત શાંતિ પ્રાપ્ત થશે!

**YOU WILL HAVE BLESSED PEACE IN GOD'S PRESENCE!**

– બહેન એન્જેલીન



**ઈકો ઓફ હીજ કોલના** આપણા સઘળાં વિસ્તૃત પરિવારોને આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તના મૂલ્યવાન નામમાં શુભેચ્છાઓ! તમારામાંના દરેક સર્વ રીતે આગળ વધતા રહો એવી મારી આતુરતાપૂર્વક પ્રાર્થના છે, જ્યારે તમારો આત્મા પણ ખ્રિસ્તમાં સમૃદ્ધ થાય.

જ્યારે આપણે આ મહિને આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરી રહ્યા છીએ, ત્યારે હું આપણી સર્વ અદ્‌ભુત મહિલા વાચકોને હૃદયપૂર્વક શુભેચ્છાઓ અને આશીર્વાદો આપવા માંગુ છું. આવો તમે સારી તંદુરસ્તી, સ્વાસ્થ્ય, નવા સામર્થ્યનો તથા ભરપૂર કૃપાનો આનંદ માણી શકો. મારી પ્રાર્થના છે કે ઈશ્વર આપણને તેમના વચનમાં દર્શાવવામાં આવેલી જ્ઞાની, સદગુણી મહિલાઓ બનવા માટે અવિરતપણે સહાય કરો – જે મહિલાઓ પોતાનું ઘર બાંધે છે, પોતાના પરિવારોનું ભરણપોષણ કરે છે, અને એવી દુનિયામાં પ્રકાશની જેમ ચમકે છે કે જેને તેમના પ્રેમની સખત જરૂર છે. આવો આપણે જ્ઞાનમાં ચાલીએ, મહત્તાથી અને સામર્થ્યથી સજ્જ થઈએ, આપણે જે પણ કરીએ છીએ તેમાં ખ્રિસ્તની સુંદરતાને પ્રતિબિંબિત કરીએ.

### વિશ્રામ કરવાની ભેટ: આપણા જીવનો માટે ઈશ્વરની યોજના!

જ્યારે હું મહિલાઓની બહુવિધ કાર્યો કરવાની અદ્‌ભુત ક્ષમતા પર મનન કરી રહી હતી, ત્યારે મારા વિચારો મારી માતા અને દાદી તરફ વળ્યાં હતાં – ધ્યાન ખેંચે એવી નોંધપાત્ર બે

(અનુસંધાન પાન ૩ પર)




ઈકો ઓફ હીજ કોલ

ખ્રિસ્તી યૂટ્યૂબ ચેનલ !

પાળક એસ. સામ સેલ્વરાજ સાથે

પ્રાર્થના કરવાની એક તક!

પાંચ મિનિટોમાં સંદેશો, પ્રાર્થના!!

અંગ્રેજી, હિન્દી, તામિલ અને તેલગુ

દરરોજ – સવારે ૨.૦૦ વાગે થી

તમિલ રવિવારની ભજનસેવા – સવારે ૮.૩૦ વાગે

★ Please Subscribe and Share ★

# ECHO OF HIS CALL - (Marching towards 60th year)

Estd. 1969

## *from your dearly beloved brother...*





"પ્રામાણિકપણું તથા ન્યાયીપણું મારું રક્ષણ કરો, કેમ કે હું તારી વાટ જોઉં છું."

– ગીતશાસ્ત્ર ૨૫:૨૧

પ્રભુ ઈસુ ખ્રિસ્તમાં પ્રિય વહાલા પ્રિય મિત્રો,

ઈશ્વરે કૃપાળુ રીતે અમને આ વર્ષે ૨૦૨૬માંના માર્ચ મહિનામાં પ્રવેશ કરવા સક્ષમ બનાવ્યા છે. જો કે પાછલા મહિનાઓ કપરા અને પડકારજનક હોવા છતાં, તેમની કૃપા હંમેશા અમારા માટે પર્યાપ્ત રહી છે – અને તે ચાલુ રહેશે.




*સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલ – રમતગમત દિવસ*

પ્રભુએ અમારી શાળાને શિક્ષકોની સમર્પિત ટીમ અને બિન-શિક્ષણ સ્ટાફ સાથે આશીર્વાદિત કર્યા છે. અમે ૩૦મી જાન્યુઆરી ૨૦૨૬ના રોજ અમારો ૨૮મો વાર્ષિક રમતગમત દિવસ ઉજવ્યો હતો.

ડૉ. પ્રેમચંદ અમારા મુખ્ય અતિથિ હતા, અને આખો દિવસ ગતિશીલ રમતગમતની પ્રવૃત્તિઓથી ભરેલો રહ્યો હતો. ઘણા માતા-પિતાઓ અમારી સાથે જોડાયાં હતાં, અમારા બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા જ્યારે તેમણે ઉત્કૃષ્ટ પ્રતિભા અને શિસ્તનું પ્રદર્શન કર્યું હતું.

અમે આપણા દેશ માટે અને વિશ્વ માટે જવાબદાર નાગરિકો ઉભા કરવા માટે અમને સક્ષમ કરવા બદલ ઈશ્વરના આભારી છીએ. અમારા વિદ્યાર્થીઓ હવે એપ્રિલ ૨૦૨૬માં યોજાનારી સરકારી પરીક્ષાઓની તૈયારી કરી રહ્યા છે. અમે અમારી ગ્રામ્ય અંગ્રેજી હાઈસ્કૂલ **(સેન્ટ મેટ્રીક્યુલેશન સ્કૂલ હાઈસ્કૂલ)** માટે વધુ સમર્પિત શિક્ષકો અને સ્ટાફ તૈયાર થાય તે માટે તમારી પ્રાર્થનાઓ માટે તમને આગ્રહપૂર્વક વિનંતી કરીએ છીએ.



*અમારા મુખ્ય ચર્ચના પુરુષોની રીટ્રીટ – જોશુઆ વોરીયર'સ ટીમ*

### આપણી મિશન નીતિ

આપણે સમકાલીન પેઢીને પ્રાચીન અને પ્રારંભિક પ્રેરિતોનું ઉચ્ચગુણવત્તાવાળું શિક્ષણ સમજાવવું જોઈએ અને શીખવવું જોઈએ. આ સમયની જરૂરિયાત છે.


**HON. EDITOR-IN-CHIEF**
Rev. Dr. Angeline S. Kumari, M.A., M.Sc., M.Ed.

**EX MANAGING EDITOR**
Pastor Alex Samson Sam, B.Th., M.Div.

**GENERAL MANAGER**
Bro. N. Prakasam, M.A., M.Sc.(C&P), PGDHRM, MBA.

**ADMINISTRATION**
Sis. Jesy Veena Sam
Adv. K. Puratchivendan, M.Com., C.A., B.L.
Dr. P.E.R. Premchand, M.Sc., M.A., M.Ed., Ph.D.
Dr. C.G.S. Baburao, B.Tech., M.Tech. (DM), Ph.D.
Dr. Rabinder Boaz, M.S. (CMC)

**EDITORIAL BOARD**
Dr. Serena Bevin, M.A., M.Phil., B.Ed.
Sis. Sajini Cherian
Rev. Dr. K.R. Rajasekaran
Rev. Dr. William Robert, Ph.D., DD, D.Lit.



**EDITOR, PUBLISHER & PRINTER**


Pastor S. SAM SELVA RAJ
Echo of His Call Printers
10, Mohammed Abdullah 2nd Street,
Chepauk, Chennai- 600 005, India.
Phone : (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766
Cell : (+91) 98410 71852, 98412 71858 95661 31858

**E.MAIL**
sam@echoofhiscall.org
biblecor@yahoo.co.in

**WEBSITES**
www.echoofhiscall.org
www.stpaulsmatriculation.org

**YOUTUBE CHANNEL**
Echo of His Call



**Our Ministries:** ECHO OF HIS CALL Monthly Magazines (16 languages) ▫ BIBLECOR - Postal Courses (3 languages) ▫ Media Ministry ▫ Online Courses ▫ Theological Correspondence Courses (2 languages) ▫ Church Planting ▫ Nehemiah Bible Colleges ▫ Gospel Printing Press ▫ Great Commission Partners ▫ St. Paul's Matriculation School ▫ Crusades ▫ Community Development

અમે **જોશુઆ વોરિયર્સની** ધજા હેઠળ અમારા મુખ્ય ચર્ચના પુરુષો માટે એક અદ્ભુત  એક દિવસીય રીટ્રીટનું આયોજન કર્યું હતું. ૨૬ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ સવારે ૯:૦૦ થી સાંજના ૫:૦૦ વાગ્યા સુધી યોજાયેલી રીટ્રીટમાં લગભગ ૭૦ સમર્પિત પુરુષોએ ભાગ લીધો હતો. પ્રભુએ હાજરી આપનારાઓ પર તેમનું સામર્થ્ય રેડી દીધું હતું, અને દરેકને ઈશ્વર તરફથી વિશેષ સ્પર્શનો અનુભવ થયો હતો.

પ્રભુએ સંસાધનો પૂરા પાડનાર વ્યક્તિઓને પણ ખૂબ આશીર્વાદિત કર્યા હતા, અને સહભાગીઓ નવા દર્શન તથા સુવાર્તાને ભારતભરમાં પહોંચાડવાની પ્રતિબદ્ધતા સાથે પાછા ફર્યા હતા.

અમે ટૂંક સમયમાં આવા જ એક કૌટુંબિક કેમ્પનું આયોજન કરવાની યોજના બનાવી રહ્યા છીએ. કૃપા કરીને યોગ્ય સમય, સ્થળ અને સંસાધનો પૂરા પાડનાર વ્યક્તિઓ અંગે ઈશ્વરની દોરવણી માટે પ્રાર્થના કરશો.

## અમારી અન્ય મિનિસ્ટ્રીઓ

પ્રભુ **નહેમ્યા બાઈબલ કોલેજો** અને અમારા માસિક પ્રકાશનો સહિતની અમારી સર્વ મિનિસ્ટ્રીઓ પર કૃપાળુ રહ્યા છે.

**નહેમ્યા બાઈબલ કોલેજો** માટેનો આગામી **પદવીદાન સમારોહ** ૪ જુલાઈ ૨૦૨૬ના રોજ સુનિશ્ચિત થયેલો છે. આગામી શૈક્ષણિક વર્ષ માટેના વર્ગો જૂન ૨૦૨૬ના પ્રથમ સપ્તાહમાં શરૂ થશે. કૃપા કરીને પ્રાર્થના કરશો કે પ્રભુ અમારી કોલેજોમાં સમર્પિત નવા વિદ્યાર્થીઓ મોકલે.

અમે રજૂ કરી રહ્યા છીએ:

**ધર્મશાસ્ત્રમાં ડિપ્લોમા (Diploma In Theology - Dip.Th.)**
**ધર્મશાસ્ત્રમાં પદવી (Bachelor of Theology - B.Th.)**

આ કાર્યક્રમો તામિલ, અંગ્રેજી અને હિન્દી ભાષામાં ઉપલબ્ધ છે. અમે અમારા પ્રતિબદ્ધ ફેકલ્ટી સભ્યો અને વહીવટી કાર્યાલયીન કર્મચારીઓ માટે પ્રાર્થનાની પણ વિનંતી કરીએ છીએ.

અમે મિશન ક્ષેત્રોમાંના અને વહીવટી વિભાગોમાંના અમારા સર્વ કાર્યકરો માટે ઈશ્વરનો આભાર માનીએ છીએ.

અમે તમારા માટે અવિરતપણે પ્રાર્થના કરીએ છીએ, અને અમે તમને અમારી મિનિસ્ટ્રીઓ માટે તમારી પ્રાર્થના અને સમર્થન માટે વિનંતી કરીએ છીએ.

*ઈસુ ખ્રિસ્તમાં, તમારા ભાઈ,*
**પાસ્ટર એસ. સામ સેલ્વ રાજ,**
E.mail : sam@echoofhiscall.org

(પાન ૧થી આગળ...)

મહિલાઓ કે જેમણે તેમના પરિવારો અને મારા પિતાની મિનિસ્ટ્રીને ટેકો આપવા માટે અથાક મહેનત કરી હતી, ઘણીવાર કોઈ પણ વિરામ, વિશ્રામ વિના, થોભ્યા વિના. તેમનું સમર્પણ મને એક ગહન અનુભૂતિ તરફ દોરી લઈ ગયું હતું: વિરામ, વિશ્રામ કરવો ખરેખર કેટલો મહત્વપૂર્ણ છે.

જો કે હું મહદંશે મહિલાઓ વિશે બોલી રહી છું, ત્યારે પુરુષો પણ વિશ્રામની વિભાવના સાથે સંઘર્ષ કરે છે. તેઓ કામ અને ઘરની જવાબદારીઓ નિભાવતી વખતે તેમના પરિવારોનું ભરણપોષણ કરવા માટે ખંતપૂર્વક, સખત મહેનત કરે છે. આજના ઝડપી, ''ત્વરિત આગળ જવા માટેના'' વિશ્વમાં, વિશ્રામ એ એવી વૈભવી બાબત જેવી લાગે છે જે કોઈને પોસાય તેમ નથી. આપણા બાળકો પણ - શાળાના અભ્યાસમાં, વધારાના વર્ગો અને સતત પરીક્ષાઓના બોજથી વધુ પ્રમાણમાં દબાઈ ગયા છે.

તેમ છતાં શાસ્ત્ર એક શક્તિશાળી સત્ય છતું કરે છે: સર્જનના છ દિવસ પછી, પોતાનાં કરેલાં સર્વ કામોથી ઈશ્વર સાતમે દિવસે સ્વસ્થ રહ્યા, **ઈશ્વરે પોતે સાતમા દિવસે વિશ્રામ કર્યો હતો.** (ઉત્પત્તિ ૨:૨). જો સૃષ્ટિના સર્જનહારે વિશ્રામ કરવાનું પસંદ કર્યું હતું, તો આપણને તેની કેટલી વધુ જરૂર છે? તેમ છતાં, આપણામાંના ઘણાને લાગે છે કે દિવસમાં એટલા કલાકો પૂરતા નથી. ઘરની, કામની, અને મિનિસ્ટ્રીની માંગ પણ અવિરતપણે નિરંતર અનુભવી શકાય છે. મેં ઘણીવાર લોકોને કહેતા સાંભળ્યા છે, ''ઈશ્વર માટે વિશ્રામ કરવો સરળ હતો - તેઓ ઈશ્વર છે! મારું કામ ક્યારેય પુરું થતું નથી.'' જ્યારે તે લાગણી સમજી શકાય તેવી છે, તેમ છતાં આપણે આ યાદ રાખવું જોઈએ: ઈશ્વરે આપણી માનવીય જીવનશૈલીના ભાગરૂપે વિશ્રામ કરવાની યોજના કરી હતી.

સમય જતાં, આપણે તેમની યોજનાથી દૂર થઈ ગયા છીએ. આજે, આપણે જીવનની માંગને પૂર્ણ કરવાનો પ્રયાસ કરતા, આપણી ઊંઘનું બલિદાન આપી દીધું છે, સમય પર ભોજન લેવાની અવગણના કરી છે અને આપણી જાતને ચીંથરેહાલ બનાવી દીધી છે - માથા વગરની મરઘીઓની જેમ. પણ ઈશ્વરનું વચન આપણને તેમની કૃપાની લયમાં પાછા બોલાવે છે. વિશ્રામ એ આળસ નથી; તે આજ્ઞાપાલન છે. તે એક ભરોસો રાખવાનું કાર્ય છે જે કહે છે, ''હે પ્રભુ, હું માનું છું કે તમે નિયંત્રણમાં છો - જ્યારે હું થોભી જાઉં ત્યારે પણ.''




## ખાસ તાકીદની સૂચના!

ત્યાં કદાચ નજીકના ભવિષ્યમાં **ઈકો ઓફ હીજ કોલ**ની ટપાલ મોકલવામાં અનિવાર્ય વિક્ષેપ થઈ શકે છે. જો તમે કોઈ પણ વિક્ષેપ કે અવરોધ વિના **ઈકો ઓફ હીજ કોલ** પ્રાપ્ત કરવાનું ચાલુ રાખવા માંગતા હો, તો કૃપા કરીને અમને તરત જ તમારું નામ, સરનામું, ઈમેઈલ સરનામું અને વોટ્સએપ નંબર, પત્ર દ્વારા, ઈમેઈલ, ફોન અથવા એસએમએસ/વોટ્સએપ સંદેશા દ્વારા મોકલશો. તમારો ટેકો, પ્રોત્સાહન અમને તમારી વધુ સારી સેવા કરવામાં સહાયરૂપ બને છે!

અમારું સરનામું :

**ECHO OF HIS CALL,**
**10, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005, India**
**Cell: (+91) 98412 71858 / 98410 71858 E.mail: sam@echoofhiscall.org**

આવો આપણે જોઈએ અને વિશ્લેષણ કરીએ કે બાઈબલ વિશ્રામ વિશે શું શીખવે છે અને શા માટે આપણે તેને સ્વીકારવા માટે ઘણી વાર સંઘર્ષ કરીએ છીએ. આવો આપણે થોભવાનું, શ્વાસ લેવાનું શીખીએ, અને તેમની હાજરીમાં તાજગી પ્રાપ્ત કરીએ - **કેમ કે તેમનામાં આપણને આપણા આત્માઓ માટે ખરો વિસામો મળે છે.** (માથ્થી ૧૧:૨૮).

## વિસામો, વિશ્રામ કરવાનું સામર્થ્ય!

### ૧. વિસામો, વિશ્રામ એ આપણા જીવનો માટે ઈશ્વરની લયબદ્ધતા છે!

**''અને ઈશ્વરે પોતાનું જે કામ કર્યું હતું તે તેમણે સાતમે દિવસે પૂરું કર્યું; અને પોતાનાં કરેલાં સર્વ કામોથી ઈશ્વર સાતમે દિવસે સ્વસ્થ રહ્યા. અને ઈશ્વરે સાતમા દિવસને આશીર્વાદ દીધો ને તેને પવિત્ર ઠરાવ્યો...''** ઉત્પત્તિ ૨:૨-૩.

ઈશ્વરે ભેટ તરીકે સાબ્બાથનું સર્જન કર્યું હતું. વિશ્રામ કે આરામ કરવો એ ઉપાસનાનું કાર્ય છે - તેમની નજીક આવવા, તેમના વચનનું વાંચન કરવા, તે પર મનન કરવા, પ્રાર્થના કરવા અને તેમની હાજરીનો આનંદ લેવાનો પવિત્ર સમય. જ્યારે આપણે તેમનામાં વિસામો લઈએ છીએ, ત્યારે આપણે શારીરિક, માનસિક, ભાવનાત્મક અને આત્મિક રીતે નવીનીકરણ પામીએ છીએ.

જો આપણે આરામની અવગણના કરીએ છીએ, ત્યારે થાકી જવું અનિવાર્ય બને છે. ઈશ્વરે આરામનું આયોજન કર્યું કારણ કે તેઓ થાકી ગયા હતા એટલા માટે નહિ, પણ, આપણને અનુસરવા માટે એક લય સ્થાપિત કરવા માટે. વિશ્રામ, આરામ વૈકલ્પિક નથી; તે જીવન માટેની ઈશ્વરની દૈવી રચનાનો એક ભાગ છે.

### ૨. વિશ્રામ, આરામ કરવો એ તૈયારી છે, ફક્ત પુન:પ્રાપ્તિ નથી!

જ્યારે આરામ કરવાની ઉપેક્ષા કરવામાં આવે છે, ત્યારે તે એક સક્રિય વ્યવહારને બદલે થાકમાંથી પુન:પ્રાપ્તિ કરવાનો ભયાવહ પ્રયાસ બની જાય છે. ઈસુ ખ્રિસ્ત આ સિદ્ધાંતને સ્પષ્ટ રીતે સમજ્યા હતા. સેવાકાર્યની માગણીઓથી તેઓ વધુ થાકી જાય તે પહેલાં તેઓ વારંવાર પ્રાર્થના કરવા માટે એકાંત સ્થળોએ જતા હતા:

**''અને સવારે પોહ ફાટતાં પહેલાં ઘણા વહેલા ઊઠીને ઈસુ બહાર ગયા, ને ઉજ્જડ ઠેકાણે જઈને તેમણે ત્યાં પ્રાર્થના કરી.''** માર્ક ૧:૩૫.

**''પણ ઈસુ પોતે એકાંતે રાનમાં જઈને પ્રાર્થના કરતા હતા.''** લૂક ૫:૧૬.

ઈસુ ખ્રિસ્તનો પિતા સાથેનો સમય ઈરાદાપૂર્વકનો અને સક્રિય હતો. તેઓ જાણતા હતા કે આત્મિક સામર્થ્ય ઈશ્વરની સાથે નિયમિત સંવાદ કરવાથી વહે છે.

## વધુ પડતો શારીરિક, માનસિક થાક: વિશ્રામ, આરામની ઉપેક્ષા કરવાની કિંમત!

આરામનો અભાવ આપણને વધુ પડતા શારીરિક, માનસિક થાક તરફ દોરી લઈ જાય છે - આપણામાંના ઘણા લોકો આજે જે સંઘર્ષનો સામનો કરે છે. જ્યારે આપણે ઈશ્વરની વિશ્રામ કરવાની લયને અવગણીએ છીએ, ત્યારે આપણે શારીરિક, ભાવનાત્મક રીતે,અને આત્મિક રીતે ખાલી થઈ જઈએ છીએ. અને જ્યારે આપણે શારીરિક, માનસિક રીતે વધુ પડતા થાકી જઈએ છીએ, ત્યારે આપણે ઈશ્વરના રાજ્યમાં અસરકારક રીતે સેવા આપી શકતા નથી.

વિશ્રામ કે આરામ કરવો એ સ્વાર્થ નથી; તે આપણા જીવનનું કારભારીપણું અને ''તેડું'' છે જેની ઈશ્વરે આપણને જવાબદારી સોંપી છે. થાકી જવું એ રાતોરાત થતું નથી - જ્યારે આપણે ખોટી પ્રાથમિકતાઓ, ખોટી ઓળખ અને ખોટી સંગત સાથેના સમાજને આપણા જીવનો પર નિયંત્રણ લેવાની મંજૂરી આપીએ છીએ ત્યારે તે ધીમે ધીમે અંદર સરકી આવે છે. આવો આપણે આ વિસ્તારોને તપાસીએ અને જોઈએ કે કેવી રીતે ઈશ્વર પ્રેમથી આપણને પુન:પ્રાપ્તિની, નવીનીકરણ માટેની તેમની રચના તરફ પાછા બોલાવે છે.

### ૧. ખોટી પ્રાથમિકતાઓ!

વધુ પડતાં થાકી જવું ઘણીવાર ત્યારે શરૂ થાય છે જ્યારે આપણે સંભાળી શકીએ તે કરતાં વધુ ભાર આપણા ઉપર લઈએ છીએ. આપણે દરેક બાબત માટે ''હા'' કહીએ છીએ કારણ કે દરેક બાબત આપણને મહત્વપૂર્ણ લાગે છે. જોકે, જ્ઞાન, ડહાપણ આપણને પ્રાથમિકતા આપવાનું શીખવે છે. ''ના'' કહેવાનું શીખવું એ સ્વાર્થીપણું નથી - તે જરૂરીયાત છે.

ઈસુ ખ્રિસ્તે પણ સંતુલન જાળવવાની જરૂરિયાતને ઓળખી હતી:

**અને તેમણે તેઓને કહ્યું કે, ''તમે પોતે ઉજ્જડ ઠેકાણે એકાંતમાં આવો, ને થોડો વિસામો લો''; કેમ કે આવનારા ને જનારા ઘણા હતા; અને તેમને ખાવાનો પણ અવકાશ મળતો નહોતો.** માર્ક ૬:૩૧.

લૂક ૧૦માં, આપણે ઈસુ ખ્રિસ્તને માર્થા અને મરિયમને તેમના ઘરે મુલાકાત લેતા જોઈએ છીએ. માર્થાએ તેમના અનુયાયીઓ સાથે તેમનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું, અને સમજી શકાય તે રીતે તેમના મહેમાનોની સંભાળ રાખવામાં વ્યસ્ત રહી હતી. મંડળીમાં આપણી આગતાસ્વાગતા કરનારી ટીમની જેમ - વિશ્વાસપૂર્વક સેવા આપનારાઓ માટે આપણે ઈશ્વરનો આભાર માનીએ છીએ. તેમ છતાં, જ્યારે માર્થા વધુ પડતી થાકી ગઈ હતી અને વ્યગ્ર થઈ હતી, ત્યારે મરિયમે ઈસુના પગ પાસે બેસીને તેમનું સાંભળવાનું પસંદ કર્યું હતું.

માર્થાએ ''હા'' કહ્યું હતું, પણ હવે તેણી તેણીની પ્રતિબદ્ધતાઓના ભાર હેઠળ સંઘર્ષ કરી રહી હતી. આપણામાંથી કેટલા આની

(આગળ પાન ૮ પર...)

**Statement about ownership and other particulars about the Newspaper Echo of His Call (Gujarati) - Form IV**
**(See Rule 8)**

| | | |
|---|---|---|
| 1. Place of Publication | : | **New No. 8 & 10, Old No. 18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai - 600 005.** |
| 2. Periodicity | : | **Monthly** |
| 3. Printer, Editor, Owner & Publisher | : | **S. Sam Selva Raj** (Same Address) |
| 4. Nationality | : | **Indian** |

I, **S. Sam Selva Raj** hereby declare that the particulars given above are true to the best of my knowledge and belief.

**March 2026** **S. Sam Selva Raj.**

# મહાન આદેશના ભાગીદારો

વહેંચવું (ગલાતીઓને પત્ર ૬:૨), મદદ કરવી (રોમનોને પત્ર ૧૨:૧૩), અને ટહેલ કરવી (૧તિમોથીને પત્ર ૧:૬)

**સ્તુતિ તથા પ્રાર્થનાના મુદ્દાઓ ૧૯ માર્ચ ૨૦૨૬ થી ૧૮ એપ્રિલ ૨૦૨૬ સુધી**

(મેહરબાની કરીને આ પાન કાઢો, તેને વાળો અને તે તમારા બાઈબલમાં મૂકો અને નિરંતર પ્રાર્થના કરો)



## ✝ ઈશ્વરની સ્તુતિ કરવાના મુદ્દાઓ....

**માર્ચ ૧૯ :** આપણા પ્રાર્થના ભાગીદારો, લવાજમ ભાગીદારો, વિશ્વાસના ભાગીદારો, જીવનસાથી ભાગીદારો, મહાન આદેશના ભાગીદારો અને વિનંતી કરનારા ભાગીદારો પરના અને તેમના કુટુંબો પરના તેમના આશીર્વાદોને માટે.

**માર્ચ ૨૦ :** ૨૪ જાન્યુઆરીના રોજ અમારા **નહેમ્યા બાઈબલ કોલેજના** વિદ્યાર્થીઓ માટે મહાબલીપુરમમાં આયોજિત વિશેષ સભા પરના તેમના આશીર્વાદને માટે.

**માર્ચ ૨૧ :** આપણા સહ સંપાદકો અને તેમના કુટુંબના સભ્યો પરના આશીર્વાદોને માટે.

**માર્ચ ૨૨ :** આપણી **જુવાનો તથા બાળકોની કાળજી કરનાર વૈશ્વિક દર્શનની** મિનિસ્ટ્રી પરની તેમની અવિરત કૃપાને માટે.

**માર્ચ ૨૩ :** **સેન્ટ પોલ મેટ્રિક્યુલેશન સ્કૂલ** પરના તેમના આશીર્વાદોને માટે, ખાસ કરીને અમને સમર્પિત ખ્રિસ્તી શિક્ષકો અને પ્રતિબદ્ધ આચાર્ય પૂરા પાડવા બદલ.

**માર્ચ ૨૪ :** અમારા મિશન કાર્યકરોની અડગ પ્રતિબદ્ધતાને માટે.

**માર્ચ ૨૫ :** આપણા રાજ્ય સંયોજકો અને તેમના પરિવારો પરના ઈશ્વરના આશીર્વાદોને માટે.

**માર્ચ ૨૬ :** આપણી બહુવિધ મિનિસ્ટ્રીજો દ્વારા સુવાર્તાનો પ્રચાર કરવા માટે આપણા વડીલ પાળકની અવિરત પ્રતિબદ્ધતાને માટે.

**માર્ચ ૨૭ :** આપણા વડીલ પાળક અને એસ. સામ સેલ્વ રાજ અને તેમના કુટુંબના સભ્યોને દરેક દુષ્ટ પરીબળોથી સલામત રાખવા માટે.

**માર્ચ ૨૮ :** આપણા **બાઈબલ પત્રવ્યવહાર અભ્યાસક્રમ** અને **ઈશ્વરવિદ્યાના પત્રવ્યવહાર અભ્યાસક્રમ** પરના તેમના આશીર્વાદોને માટે.

**માર્ચ ૨૯ :** રાજકીય અને ધાર્મિક વિરોધ વચ્ચે આપણી ખ્રિસ્તી મિનિસ્ટ્રીઓની વૃદ્ધિ કરવા અને તેમને સામર્થ્યવાન કરવા માટે.

**માર્ચ ૩૦ :** ૧૯૬૯થી શરૂ થયેલી આપણી સામયિક મિનિસ્ટ્રીને વિશ્વાસુપણે ધરી રાખવા માટેની તેમની અવિરત કૃપાને માટે.

**માર્ચ ૩૧ :** આપણા ચર્ચમાં અભિષિક્ત થયેલા નવા વિશ્વાસીઓ પરની દૈવી કૃપા માટે, જેથી તેઓ વિશ્વાસ અને જ્ઞાનમાં વૃદ્ધિ કરતા રહે.

**એપ્રિલ ૦૧ :** પાછલા મહિના માટેની અમારી સર્વ જરૂરિયાતોને પૂરી કરવા માટેની તેમની ઉદાર જોગવાઈને માટે.

**એપ્રિલ ૦૨ :** આપણા **નહેમ્યા બાઈબલ કોલેજો** પરના તેમના આશીર્વાદોને માટે.

**એપ્રિલ ૦૩ :** ૨૬મી જાન્યુઆરીના રોજ અમારા મુખ્ય ચર્ચ અને શાખા ચર્ચના સભ્યો માટે મહાબલીપુરમમાં યોજાયેલી જોશુઆ વોરિયર્સની ખાસ પુરુષોની સભા પરના તેમના આશીર્વાદને માટે.

## ✝ કૃપા કરીને આ માટે પ્રાર્થના કરશો...

**એપ્રિલ ૦૪ :** સર્વ દેશો પર દૈવી રક્ષણ માટે, ખાસ કરીને વૈશ્વિક અશાંતિ અને યુદ્ધના ભય વચ્ચે, શાંતિ અને સ્થિરતા માટે પ્રાર્થના.

**એપ્રિલ ૦૫ :** સર્વના આશીર્વાદ અને લાભ માટે, દરેક સંભવિત રીતે અને માપદંડમાં અમારી મિનિસ્ટ્રીઓના વિસ્તરણ માટે.

**એપ્રિલ ૦૬ :** ઈશ્વર આપણને પૃથ્વી પર તેમના રાજ્યને બાંધવા માટે ઘણા વધુ દ્રષ્ટિકોણ આપે તે માટે.

**એપ્રિલ ૦૭ :** વિશ્વભરના રાષ્ટ્રપતિઓ, વડા પ્રધાનો અને તમામ સરકારી સત્તાવાળાઓ જેઓ તેમના દેશોનું નેતૃત્વ કરે છે, તેમને જ્ઞાન અને દૈવી દોરવણી પ્રાપ્ત થાય તે માટે.

**એપ્રિલ ૦૮ :** અમારા સમર્થકો, શુભેચ્છકો અને મિત્રો પર આશીર્વાદો અને સામર્થ્યને માટે જેઓ તેમની પ્રાર્થનાઓ અને નાણાંકીય યોગદાન દ્વારા અમારી મિનિસ્ટ્રીઓને ધરી રાખે છે.

**એપ્રિલ ૦૯ :** વાયરલ તાવ અને નવા ઉભરતા ચેપી રોગોની સામે તમામ લોકોના રક્ષણને માટે.

**એપ્રિલ ૧૦ :** ૨૦૨૬-૨૦૨૭ શૈક્ષણિક વર્ષ માટે **સેન્ટ પોલ મેટ્રિક્યુલેશન સ્કૂલમાં** નવા વિદ્યાર્થીઓના સફળ પ્રવેશને માટે.

**એપ્રિલ ૧૧ :** વિશ્વભરના જુવાનો અને બાળકો ઈસુ ખ્રિસ્તને તેમના વ્યક્તિગત તારનાર તરીકે સ્વીકારે તે માટે.

**એપ્રિલ ૧૨ :** દરેક દેશમાં, આયોજનના તમામ પાસાઓ અને ક્ષેત્રોમાં એકતા, પ્રગતિ અને શાંતિ પ્રવર્તે તે માટે.

**એપ્રિલ ૧૩ :** આપણા પ્રાર્થના ભાગીદારો, લવાજમ ભાગીદારો, વિશ્વાસના ભાગીદારો, જીવનસાથી ભાગીદારો, મહાન આદેશના ભાગીદારો અને વિનંતી કરનારા ભાગીદારો પરની અને તેમના કુટુંબો પરની ઈશ્વરની દયાને માટે.

**એપ્રિલ ૧૪ :** આપણા વડીલ પાળક એસ. સામ સેલ્વ રાજ અને તેમના કુટુંબના સભ્યોને દરેક દુષ્ટ પરીબળો સામે સલામતી અને રક્ષણ પૂરું પાડવા માટે.

**એપ્રિલ ૧૫ :** ૨૦૨૬-૨૦૨૭ શૈક્ષણિક વર્ષ માટે અમારી નિવાસી અને સાંધ્ય **નહેમ્યા બાઈબલ કોલેજોમાં** લાયક વિદ્યાર્થીઓના પ્રવેશને માટે.

**એપ્રિલ ૧૬ :** અમારી મિનિસ્ટ્રીની સર્વ નાણાંકીય જરૂરિયાતો પૂરી કરવા માટે.

**એપ્રિલ ૧૭ :** વૈશ્વિક આર્થિક મંદીનો અંત આવે, અને તેના કારણે પીડિત સર્વ લોકોને રાહત મળે તે માટે.

**એપ્રિલ ૧૮ :** ઈશ્વરની કૃપા ફરી એકવાર લોકો પર રેડવામાં આવે, તેઓને આરામ અને નવું સામર્થ્ય મળે તે માટે.

## કોઈ ખ્રિસ્તીઓ નથી – તો વિશ્વ નથી.

**શોધકર્તાઓ:**

| | | |
|---|---|---|
| બાઈસિકલ | = | મેકમિલન. |
| બાઈક | = | જે. ડાઈલર . |
| ઓટો | = | જોનાથન સ્કોબી. |
| કાર, ગાડી | = | કાર્લ બેન્ઝ. |
| મોટરગાડી | = | ઓસ્ટીન . |
| જીપ | = | ડબલ્યુ. એલ. ઝેડસન. |
| બસ | = | ગોલ્ડ વાસ. |
| વિમાન | = | રાઈટ બ્રધર્સ. |
| રેલ્વે | = | રિચાર્ડ ટ્રેવિથિક. |
| ટ્રેક્ટર | = | જ્હોન ફ્રોલિચ. |
| જેસીબી | = | જોસેફ સી બામફોર્ડ. |
| બેટરી | = | એ. વોલ્ટ. |
| વીજળી | = | બેન્જામિન ફ્રેન્કલિન. |
| બલ્બ | = | થોમસ એ. એડિસન. |
| ડાયનામો | = | એમ. ફેરાડે. |
| ગેસ એન્જિન | = | ડેમિયર. |
| ડીઝલ એન્જિન | = | આર. ડીઝલ. |
| વેલ્ડર | = | એટીશ થોમસન. |
| રેલ્વે એન્જિન | = | સ્ટીફન સન. |
| એલપીજી ગેસ | = | ડો. વોલ્ટર ડી.એસ. |
| માઈક | = | હોર્સ શોર્ટ . |
| પેન | = | લુઈસ વોટરમેન. |
| લોખંડની પેટી | = | એચ. ડબલ્યુ. સુલે. |
| માચીસ | = | જ્હોન વોકર. |
| કેમેરા | = | જ્હોન કાર્બેટ. |
| ડીજીટલ કેમેરા | = | સ્ટીવન. |
| રેઝર, અસ્રો | = | કિંગ્સ જે. જીલેટ. |
| રબર | = | સી. ગુડ ઈયર. |
| રેફ્રિજરેટર | = | જેમ્સ હેરિસન, એલેક્ઝાન્ડર કિટ્સિન. |
| સેફ્ટી પિન | = | વોલ્ટર હન્ટ. |
| સિલાઈ મશીન | = | બાર્થલોમે ટાઈમોનીવ. |
| લેન્સ | = | વેનીસ (વીન્સી). |
| કાચનાં ચશ્મા | = | સાલ્વિનો ડી. એ. |
| ટીવી | = | બાયર્ડ. જ્હોન લોગી. |
| ફોન | = | ગ્રેહામબેલ એ. |
| સંગણનયંત્ર, કમ્પ્યુટર | = | ચાર્લ્સ બાબેઝ. |
| મોબાઈલ | = | માર્ટિન. કુપર. |
| એસડી કાર્ડ | = | રોલેન્ડ મોરેનો. |
| રંગો | = | શાલીમાર |
| લોખંડ | = | હેનરી બેસમાર. |
| સિમેન્ટ | = | જોસેફ એસ્પડિન. |
| લાદી, ટાઈલ્સ | = | જર્મન મિશનરીઓ. |
| પ્રસાધન ગૃહ | = | થોમસ ક્રેપર. |
| પેન્ટ | = | જ્યોર્જ બ્રાયોન. |
| શર્ટ | = | બેયોન્સ. |
| જીન્સ પેન્ટ | = | જેકોબ ડેવિસ. |
| બ્રા, ચોળી | = | મારીઆ ટુકોક. |
| ક્રિકેટ | = | ડબલ્યુ. જે. ગ્રેસ. |
| વોલીબોલ | = | મોર્ગન વિલ્સન. |
| ફૂટબોલ | = | રોબર્ટ કેન |
| પેનીસીલીન દવા | = | એ. ફ્લેમિંગ. |
| શલ્ય ચિકિત્સા, પ્લાસ્ટિક સર્જરી | = | આર્ચિબાલ્ડ. હેક્ટર એમ. |
| પોલિયોની રસી | = | જોનાસ સાલ્ક. |
| શીતળાની રસી | = | એડવર્ડ જેનર. |
| એક્સ-રે | = | વિલ્હેમ રાનજેન. |
| ઈન્સ્યુલિન | = | ફ્રેડરિક બેન્ટિંગ. ચાર્લ્સ એચ. બેસ્ટ. |
| ક્વિનાઈન | = | પિયરા જોસેફ. |
| હૃદયનો વાલ્વ, સ્ટેન્ટ | = | જુલિયો પાલમાઝ. |
| પ્લાસ્ટર | = | પોલ બેયર્સડોર્ફ. |
| એનેસ્થેટિક | = | વિલિયમ માર્ટોન. |
| એન્થ્રોક્સ | = | લુઈસ પાસ્ચુર. |
| એન્ટિસેપ્ટિક | = | જોસેફ લિસ્ટર. |
| કૃત્રિમ હૃદય | = | ડેન્ટન કૂલી. |
| કૃત્રિમ કેડનો સાંધો | = | જ્હોન ચાર્નલી. |
| ચામડી | = | જોન એફ. લોનિસ. |
| જન્મ નિયંત્રણ ગોળીઓ | = | ગ્રેગરી પિનકસ. મિનિસ્ટ્રી ચર્ચ. |
| રક્તસંક્રામણ, લોહી ચઢાવવું | = | થોમસ બ્લન્ડેલ. |
| કોન્ટેક્ટ લેન્સ | = | એડોલ્ફ ફિક. |
| ઉધરસના, કફના ટીપાં | = | જેમ્સ સ્મિથ. |
| સિરીંજ | = | કોલિન મુર્ડોક. |

આ પોસ્ટ કરવાનું કારણ અન્ય સમુદાયોના જવાબમાં છે જેઓ કહે છે કે ખ્રિસ્તી ધર્મે વિશ્વ માટે કંઈ જ કર્યું નથી. દરેક વ્યક્તિએ સમજવું જોઈએ કે કોણે શું શું કર્યું છે અને કોણે શું નથી કર્યું.

આવો વિશ્વમાંનો દરેક માણસ ખ્રિસ્તના સામર્થ્યને જોવા માટે તેની આંખો ઉઘાડે.

************


**નહેમ્યા બાઈબલ કોલેજો**

ચેપોક અને સંથોષપૂરમ, વેલાચેરી, ચેનાઈ

ધર્મશાસ્ત્રમાં ડિપ્લોમા & Bachelor of Theology

માધ્યમ : તામિલ (અર્ધ સમય માટે)

હિન્દી (નિવાસી) (સ્પોન્સરશિપ ઉપલબ્ધ છે)

લાયકાત: ૧૦મું ધોરણ પાસ કે તેથી વધુ

પ્રવેશ માટે ઝડપ કરશો!
માન્યતા પ્રામઃ છેલ્લા ૫૬ વર્ષોથી
આંતરરાષ્ટ્રીય ખ્રિસ્તી આગેવાનો અને
વડીલ પાળકો દ્વારા

સંપર્ક કરો : ચેરમેન – નહેમ્યા બાઈબલ કોલેજ
10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA.
Phone : (+91-44) 2852 8282, Cell : (+91) 98410 71852 / 95661 31858
E.mail : sam@echoofhiscall.org / Website : www.echoofhiscall.org

## મુખ્ય ચર્ચના કાર્યક્રમો :

| | | |
|---|---|---|
| ૧. | પ્રાર્થના ભજનસેવાઃ ૨૪ કલાકો | |
| ૨. | ઈકો ઓફ હીજ કોલ | - માસિક સામયિકો : અંગ્રેજી, તામિલ, મલયાલમ, તેલગુ, હિંદી, મરાઠી, કન્નડ, બંગાલી, ગુજરાતી, ઉડીયા, આસામી, પંજાબી, નેપાલી, ઊર્દુ, સિંહાલા અને આફ્રિકન્સ |
| ૩. | બાઈબલકોર | - મૂળભૂત બાઈબલ અભ્યાસક્રમ (અંગ્રેજી, તામિલ અને હિંદી) |
| ૪. | ઈશ્વરવિદ્યાના પત્રવ્યવહાર અભ્યાસક્રમો | - અંગ્રેજી અને તામિલ |
| ૫. | નહેમ્યા બાઈબલ કોલેજો | - (ચેપોક, સંથોષપૂરમ અને વેલાચેરી) |
| ૬. | શાખા ચર્ચોઃ સંથોષપુરમ, બાલાજી નગર અને વેલાચેરી | |
| ૭. | મહાન આદેશના ભાગીદારો (પાળકોનું માળખું) | |
| ૮. | તાલીમ કાર્યક્રમો | - સેમિનાર અને રિટ્રીટ્સ |
| ૯. | ફુસેડો | |
| ૧૦. | સાહિત્ય વિતરણ અને તેનું ફોલો અપ | |
| ૧૧. | સુવાર્તા છાપખાનું | - પ્રકાશનો |
| ૧૨. | સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલ | - ગ્રામ્ય અંગ્રેજી માધ્યમિક શાળા |
| ૧૩. | રવિવારની સાબ્બાથશાળાઓ (ચેપોક, વેલાચેરી, બાલાજી નગર અને સંથોષપૂરમ) | - રવિવારે સવારે ૧૦.૩૦ અને સાંજે ૩.૦૦ વાગે. |
| ૧૪. | **વહેલી સવારની ભજનસેવા** | **- રવિવારે સવારે ૫.૩૦ વાગે** |
| ૧૫. | **પ્રારંભિક ભજનસેવા** | **- રવિવારે સવારે ૮.૦૦ વાગે** |
| ૧૬. | **તામિલ ભજનસેવા** | **- રવિવારે સવારે ૮.૩૦ વાગે** |
| ૧૭. | **જુવાનોની સભા** | **- રવિવારે બપોરે ૧૧.૦૦ વાગે** |
| ૧૮. | **સહભાગીતા ભોજન** | **- રવિવારે બપોરે ૧ વાગે** |
| ૧૯. | **તેલગુ ભજનસેવા** | **- રવિવારે સાંજે ૫.૦૦ વાગે** |
| ૨૦. | **હિન્દી ભજનસેવા** | **- રવિવારે સાંજે ૬.૦૦ વાગે** |
| ૨૧. | **તામિલ અને અંગ્રેજી ભજનસેવા** | **- રવિવારે સાંજે ૬.૦૦ વાગે** |
| ૨૨. | પ્રતિભાવ સમય | - સાંજે ૭.૩૦ વાગ્યે રવિવાર |
| ૨૩. | મહિલાઓની પ્રાર્થનાસભા | - બુધવારે સાંજે ૫.૩૦ વાગે |
| ૨૪. | પુરુષોની પ્રાર્થનાસભા | - શુક્રવારે સાંજે ૭.૦૦ વાગે |
| ૨૫. | અનુશાસનતા બેઠકો | - શનિવારે સાંજે ૬.૦૦ વાગે |
| ૨૬. | ગૃહ બેઠકસભાઓ | - મંગળવારે અને ગુરુવારે સાંજે ૬.૩૦ વાગે |
| ૨૭. | ખાસ પવિત્ર પ્રભુભોજન સંગત | - દરેક મહિનાના પ્રથમ દિવસે સવારે ૬.૦૦ વાગે |
| ૨૮. | સેવકોની બેઠકસભા | - પ્રથમ શનિવારે સાંજે ૬.૦૦ વાગે |
| ૨૯. | માતાપિતાઓની પ્રાર્થનાસભા | - પ્રથમ રવિવારે સાંજે ૪.૦૦ વાગે |
| ૩૦. | રાત્રી પ્રાર્થનાસભા | - ત્રીજા શુક્રવારે રાત્રે ૯.૩૦ વાગે |
| ૩૧. | ઉપવાસ સાથેની પ્રાર્થનાસભા | - બીજા શનિવારે સવારે ૯.૩૦ વાગે |
| ૩૨. | પવિત્ર સહભાગીતા | - બીજા રવિવારની ભજનસેવામાં |
| ૩૩. | જુવાનો/બાળકો માટે પ્રાર્થના | - દરરોજ સાંજે ૧૦.૦૦ વાગે (ફોન દ્વારા) |
| ૩૪. | કર્મચારીઓની ભક્તિસભા | - દરરોજ સવારે ૯.૦૦ વાગે |
| ૩૫. | કાર્યાલય | - સવારે ૯.૦૦ થી રાત્રે ૯.૦૦ વાગે સુધી (રવિવારો સિવાય) |

## ઇકો ઓફ હીજ કોલ પત્રવ્યવહાર અભ્યાસક્રમો

### ૧. બાઈબલકોર

અમે બાઈબલના મૂળભૂત સત્યો પર આધારિત પત્રવ્યવહાર અભ્યાસક્રમ નવા ખ્રિસ્તીઓ માટે અને બીન-ખ્રિસ્તીઓ માટે રજૂ કરીએ છીએ- અંગ્રેજીમાં-૫૭ પૃષ્ઠો, હિન્દીમાં-૭૬ પૃષ્ઠો અને તામિલમાં-૯૬ પૃષ્ઠોનો. તમને અભ્યાસક્રમનું પુસ્તક, જેનું નામ છે, "નવુ જીવન-તમારા માટે" એ મળશે. આ અભ્યાસક્રમની સમાપ્તિ પછી તમને એક સર્ટીફીકેટ આપવામાં આવશે. આ માટે કોઈ ફરજીયાત શુલ્ક નથી. તમે આશીર્વાદિત થશો!

### ૨. ઈશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ

અગ્રિમ અંતર શિક્ષણ જે **ઈશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ** તરીકે ઓળખાય છે, તે અંગ્રેજીમાં ૫૩૩ પૃષ્ઠો અને તામિલમાં-૬૫૨ પૃષ્ઠો સાથે પાળકો, સુવાર્તિકો, ખ્રિસ્તી આગેવાનો અને લે આગેવાનો માટે ઉપલબ્ધ છે. રૂા.૧૦૦૦/- ફી શુલ્ક લેવામાં આવશે. ૧૪૯ પ્રકરણો સાથે ૭ પુસ્તકો આપવામાં આવશે. **મિનિસ્ટ્રીમાં સર્ટીફીકેટ** આપવામાં આવશે. ઇશ્વર તમને આશીર્વાદિત કરશે!

વધુ માહિતી માટે અમારા પર લખો

**The Chairman, Nehemiah Bible College,**
Echo of His Call, **Post Box 2957**
CHEPAUK, CHENNAI - 600 005.
**Ph.: (044) 2852 8282, 2852 9293, 2854 7766,**
**Cell : 98410 71852, 95661 31858**
**E.mail : biblecor@yahoo.co.in**

## ઈકો ઓફ હીજ કોલ માસિક સામયિક વિના મૂલ્ય મેળવવાની એક સારી તક

જો તમે તમારા મિત્રો, સંબંધીઓના સરનામા ટપાલથી, પત્રથી, ઈમેલથી, વોટ્સઅપથી અથવા ફોનથી અમારા પર મોકલશો, તો અમે ઈકો ઓફ હીજ કોલ માસિક સામયિક તેમના ઘરે વિના મૂલ્ય મોકલશું.

## કર મુક્તિ

કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા દ્વારા ઈકો ઓફ હીજ કોલ શૈક્ષણિક ટ્રસ્ટને અપાયેલ દાનો આવકવેરા મુક્તિ હેઠળ સેક્સન ૮૦જી મુજબ કર મુક્તિને પાત્ર છે. આ માટે અધિકૃત રસીદ આપવામાં આવશે. મહેરબાની કરીને તમારા આવા દાનો ડિમાન્ડ ડ્રાફ્ટ / ચેકો / મનિઓર્ડર દ્વારા ઈકો ઓફ હીજ કોલ શૈક્ષણિક ટ્રસ્ટની તરફેણમાં લખો અને અમને મોકલી આપો.

| | | |
|---|---|---|
| **Account Name** | : | **ECHO OF HIS CALL EDUCATIONAL TRUST** |
| **Account Number** | : | **1023 2923 805** |
| **Bank Name** | : | **STATE BANK OF INDIA** |
| **Branch** | : | **TRIPLICANE, CHENNAI - 600 005** |
| **IFSC Code** | : | **SBIN 0000249** |
| **SWIFT Code** | : | **SBI NIN BB 455** |



# ખાડામાંથી મહેલમાં

## Pit To Palace

(પાળક એસ. સામ સેલ્વરાજના જીવનનાં અનુભવો)

**"જે વાંચે, તે સમજે"** (માથ્થી ૨૪:૧૫)

## ''ભગવાનની કૃપા તેમના પર વિશ્વાસ કરનારાઓ પર છવાઈ જાય છે!''

**". . .ઈશ્વરની કૃપા તેમને ઘેરી લે છે જેઓ તેમના પર ભરોસો રાખે છે!" - ગીતશાસ્ત્ર ૩૨:૧૦.**

વિવિધ અનુભવો - સારા અને ખરાબ બંને - જે મેં મારા બાળપણથી અનુભવ્યા હતા , જેઓનો મેં સામનો કર્યો હતો, તે મને સતત યાદ અપાવે છે કે સર્વશક્તિમાન ઈશ્વર પ્રભુ મારી સાથે છે અને તેઓ મારા જીવનમાં કંઈક મહાન પરિપૂર્ણ કરવાની તૈયારી કરી રહ્યા છે.

હું ઈશ્વરને માટે જે સુવાર્તિક કાર્ય કરી રહ્યો હતો તેમાં સમર્થન આપવા માટે મેં ઘણા લોકોનો સંપર્ક કર્યો હતો, પણ કોઈ મારી સાથે જોડાવા તૈયાર નહોતું. તેમ છતાં, ઈશ્વરની કૃપાને કારણે હું આગળ વધતો જ રહ્યો હતો. જો કે મારી પાસે ઈસુ ખ્રિસ્ત વિશે પૂરતું જ્ઞાન ન હતું અથવા બહુ સેવાકીય અનુભવ ન હતો, તેમ છતાં, આ દુનિયાના બોજથી દબાયેલા લોકોને મદદ કરવાની મારી ઊંડી ઈચ્છા હતી.

ઘણી બધી મુશ્કેલી સાથે, હું એકોર્ડિયન નામનું સંગીતનું સાધન ખરીદવાની વ્યવસ્થા કરી શક્યો હતો, જેની કિંમત રૂપિયા ૭૫૦/- હતી. તે સમયે તે વાદ્ય વગાડતા અને જે થોડા ગીતો હું જાણતો હતો, તે ગાતા ગાતા, હું ચેપોક, ચેન્નાઈમાંની ગરીબ વસ્તીઓની મુલાકાત લેતો હતો. નોંધપાત્ર રીતે, આ તે જ સ્થળ છે જ્યાં આજે આપણા મુખ્ય ચર્ચની ઈમારત અને કાર્યાલય ઊભા છે! હું દિવસ દરમિયાન સરકારી ઑફિસમાં કામ કર્યા પછી ચેપોકની શેરી પ્રચારમાં પણ વ્યસ્ત રહેતો હતો. મારા સાથીદારો આશ્ચર્યથી મારી તરફ જોતા હતા અને મેં જે સત્યનો પ્રચાર કર્યો હતો તે સાંભળવા વારંવાર આગળ આવતા હતા.

વધુ આશ્ચર્યજનક રીતે, એવા સમયો હતા જ્યારે હું શેરીઓમાં પ્રચાર કરતો હતો તે વખતે, તેમના ઘરની અંદર પથારીવશ બીમાર લોકો સાજા થઈ ગયા હતા અને મારી બાજુમાં ઊભા રહેવા માટે બહાર આવ્યા હતા. કેટલીકવાર, તેઓ મારી બાજુમાં ઉભા રહેતાં હતાં ત્યારે બેહોશ થઈને પડી જતા, અને જેઓ આના સાક્ષી હતા તેઓ ભયથી વિખરાઈ જતા હતા. હું પણ આઘાત પામતો હતો. મને હજુ પણ યાદ છે કે તેઓ કેવી રીતે - (જેઓ બેહોશ થઈ ગયા હતા) તે સાંકડી શેરીઓમાં માછલીની જેમ એક કતારમાં ગોઠવાયેલા હતા - કારણ કે મારી પાસે આવા સેવાકાર્યની કોઈ ઔપચારિક તાલીમ અથવા અનુભવ નહોતો, અને હું અવાક બનીને ઊભો રહેતો હતો, અને આગળ શું કરવું તે અંગે અચોક્કસ રહતો હતો.

તે ક્ષણોમાં, પવિત્ર આત્માએ મને લોકો પર હાથ મૂકવા અને ખરી કરુણા સાથે પ્રાર્થના કરવા માર્ગદર્શન આપ્યું હતું. મેં આજ્ઞા પાળી હતી, અને જ્યારે મેં પ્રભુ ઈસુ ખ્રિસ્તના નામે પ્રાર્થના કરી હતી, ત્યારે તેઓ સાજા થયાં હતાં અને શેતાનના બંધનમાંથી મુક્ત થયા હતા. આ પ્રારંભિક અનુભવોએ મને ઘણો સામર્થ્યવાન બનાવ્યો હતો અને ઈશ્વર માટેના મારા પ્રેમને વધુ ગાઢ બનાવ્યો હતો.

આજે, ઘણા વર્ષો પછી, ઈશ્વરે તેમાંથી જ કેટલાક લોકોને આપણા ચર્ચમાં આવવા સક્ષમ કર્યા છે. થોડા લોકો હવે પ્રચારમાં સક્રિય રીતે સામેલ થયા છે. પાછળથી, ઈશ્વરે મને તે જ વિસ્તારમાં મોટી ધાર્મિક જાગૃતિની સભાઓ ચલાવવા માટે પણ સક્ષમ બનાવ્યો હતો, જ્યાં તેમણે પરાક્રમી ચમત્કારો કર્યા હતા. હજુ પણ, ઈશ્વર ઘણા બીમાર અથવા અપંગ લોકોને સાજા કરવા અને અંધકારની શક્તિઓ દ્વારા લાંબા સમયથી બંધનમાં હોય એવા લોકોને છોડાવવા માટે મારો ઉપયોગ કરી રહ્યા છે.

થોડા વર્ષો પહેલા, ઈશ્વરે મને ચેન્નાઈ નજીકના કાંચીપુરમમાં આવી જ ખુલ્લા મેદાનમાં સભાઓ યોજવામાં મદદ કરી હતી. પ્રભુએ મને તે સમગ્ર વિસ્તારમાં પ્રચાર કરવા સક્ષમ બનાવ્યો હતો. તેઓ મને તે નાની જગ્યાઓને યાદ કરાવવામાં કારણ બન્યા હતા જ્યાં મેં એક સમયે સેવા આપી હતી, અને હવે તેઓ મને વધુ મોટા પાયે સેવા કરવાની તક આપી રહ્યા છે. તેમના પવિત્ર નામને ગૌરવ હો!

~~~~~~

* * *

(પાન ૪ પરથી આગળ...)

સાથે સંબંધિત થઈ શકીએ છીએ ? આપણે સારા ઈરાદા સાથે ''હા'' કહીએ છીએ, માત્ર પાછળથી તાણ અને થાકનો અનુભવ કરવા લાગીએ છીએ.

ઈસુ ખ્રિસ્તે તેણીને મુદ્દાપૂર્વક સુધારી હતીઃ

**પ્રભુએ તેને ઉત્તર આપ્યો કે, ''માર્થા, માર્થા, તું ઘણી વાતો વિષે ચિંતા કરે છે અને ગભરાય છે; પણ એક વાતની જરૂર છે; અને મરિયમે સારો ભાગ પસંદ કર્યો છે કે, જે તેની પાસેથી લઈ લેવાશે નહિ.''** લૂક ૧૦:૪૧-૪૨.

માર્થાની પ્રાથમિકતાઓ ખોટી રીતે બદલાઈ ગઈ હતી અને તેનું પરિણામ થાક હતું. આવો ૨૦૨૬માં પ્રભુ આપણને સમજદારીપૂર્વક પ્રાથમિકતાઓને પસંદ કરવામાં મદદ કરો, એટલે કે જે ખરેખર મહત્વનું છે તે પસંદ કરવામાં, જેથી કરીને આપણે શારીરિક અને માનસિક રીતે થાકી જવું ટાળી શકીએ.

### ૨. ખોટી ઓળખ!

થાકી જવું ઘણીવાર ત્યારે થાય છે જ્યારે આપણે મૂંઝવણમાં હોઈએ છીએ કે આપણે કોણ છીએ તેની સાથે આપણે શું કરીએ છીએ. કાર્ય આપણું મૂલ્ય બની જાય છે,
~~~~~~

અને સેવાકાર્ય આપણો માપદંડ બની જાય છે. આપણે આપણા સમયપત્રકને ભરી દઈએ છીએ, સફળતાનો પીછો કરીએ છીએ અને કેટલીકવાર અન્ય લોકો સાથે સ્પર્ધા પણ કરીએ છીએ. પણ આપણું મૂલ્ય સિદ્ધિઓથી આવતું નથી – તે ખ્રિસ્ત તરફથી આવે છે.

આપણી ઓળખ સંપત્તિ, સ્થિતિ અથવા વિશ્વના ધોરણોમાં જોવા મળતી નથી. આપણી ઓળખ ફક્ત ખ્રિસ્તમાં જ છે.

**''મારો ઈશ્વર પોતાના મહિમાની સંપત પ્રમાણે તમારી સર્વ ગરજ ખ્રિસ્ત ઈસુમાં પૂરી પાડશે.''** (ફિલિપ્પીઓને પત્ર ૪:૧૯)

કામ કરવું મહત્વપૂર્ણ છે, પણ ઈશ્વર સાથેની આપણી સંગતની કિંમતે ક્યારેય નહિ. કોઈપણ કિંમતે મંડળી સાથેની અથવા ખ્રિસ્તી સંગતની અવગણના કરશો નહિ.

**મૂસા આ પાઠ પ્રતિકૂળ સંજોગોમાં, ભારે મહેનત સાથે શીખ્યો હતો. નેતૃત્વની માંગણીઓથી પ્રભાવિત થઈને, તેણે એકલા હાથે બોજ વહન કરવાનો પ્રયાસ કર્યો હતો – જ્યાં સુધી કે તેના સસરા, યિથ્રોએ તેને તેની જવાબદારીઓ બીજાઓ સાથે વહેંચવાની સલાહ આપી ન હતી.** (નિર્ગમન ૧૮). જવાબદારીઓ સોંપવી અને તાલીમ મહત્વપૂર્ણ છે. આપણને સઘળું આપણી જાતે કરવા માટે કહેવામાં આવતું નથી.

વહાલા મિત્રો, ઈશ્વરે આપણને જે દોડ દોડવા માટે તેડ્યા છે તે દોડવા માટે કૃપા આપી છે. જો તમે થાકેલા કે વધુ પડતા ભારથી ભરાઈ ગયા હો, તો તમારી જાતને પૂછો: ''શું ઈશ્વરે મને ખરેખર આ કંઈક વહન કરવાનું કહ્યું છે?'' વધુ પડતાં થાકી જવું ઘણીવાર એ બોજો વહન કરવાથી આવે છે જે ઈશ્વરે ક્યારેય આપણને સહન કરવાનો ઈરાદો રાખ્યો નથી – ખાસ કરીને આપણે એકલાએ.

## ૩. ખોટી સંગત સાથેનો સમાજ અથવા ખોટું જોડાણ!

ઈશ્વરે ક્યારેય આપણે એકલા રહીએ એવો ઈરાદો રાખ્યો ન હતો. શરૂઆતથી જ, તેમણે આપણી સંગતમાં રહેવા માટે રચના કરી છે – તેમની સાથે અને એકબીજા સાથે. જ્યારે જોડાણ તૂટી જાય છે, ત્યારે તે ચિંતા, હતાશા અને ઊંડા ભાવનાત્મક સંઘર્ષ તરફ દોરી લઈ જઈ શકે છે.

વધુ પડતાં થાકી જવાથી ઘણીવાર યોગ્ય લોકોથી, યોગ્ય સ્થાને, યોગ્ય સમયે જોડાણ તુટી જવામાં પરિણમે છે.

**લોતે સદોમમાં રહેવાનું પસંદ કર્યું કારણ કે તે પ્રદેશ ઘણો ફળદ્રુપ અને સમૃદ્ધ દેખાતો હતો.** (ઉત્પત્તિ ૧૩:૧૦). **તે ત્યાંના લોકોની દુષ્ટતાની નોંધ લેવામાં નિષ્ફળ ગયો હતો.** (કલમ ૧૩). ખોટી સંગતના સમાજ સાથેની તેની પસંદગીના કારણે વિનાશક પરિણામો આવ્યા – નુકશાન, હૃદયભંગ અને તૂટેલા સંબંધો.

એકલા ન ચાલો. તમારી મંડળી સાથે જોડાયેલા રહો. તમારા વિશ્વાસને મજબૂત બનાવે એવા સંબંધો બાંધો. ઈશ્વર વિશે વાત કરો – ગપસપ નહિ.

શું વધુ પડતું થાકી જવું એ પાપ છે ?

વધુ પડતા થાકી ગયા હોય એવું અનુભવવું એ પાપ નથી. એલિયા પણ, એક મોટા વિજય પછી, થાકી ગયો હતો અને પોકારી ઉઠ્યો હતો:

''**હવે તો બસ થયું; હવે તો, હે યહોવા પ્રભુ, મારો જીવ લઈ લો...**'' ૧ રાજાઓ ૧૯:૪. ઈશ્વરે એલિયાને ઠપકો આપ્યો નહોતો કે તેની નિંદા કરી ન હતી – તેમણે તેને દિલાસો આપ્યો હતો, તેનું પોષણ કર્યું હતું અને તેને આરામ કરવાની મંજૂરી આપી હતી.

ઈશ્વર આજે આપણને એ જ કહે છે:

**''ઓ વૈતરું કરનારાઓ તથા ભારથી લદાયેલાઓ, તમે સઘળા મારી પાસે આવો, ને હું તમને વિસામો આપીશ.''** માથ્થી ૧૧:૨૮.

તેમના પગ પાસે બેસો. તેમની હાજરીમાં આરામ કરો. તેઓ તમારા સામર્થ્યનું નવીનીકરણ કરશે.

ઈશ્વરે વિસામો આપવાની ખાતરી આપી છે : **''મારી સમક્ષતા તારી સાથે આવશે, ને હું તને વિસામો આપીશ.''** નિર્ગમન ૩૩:૧૪.

ઈસુ ખ્રિસ્ત ખરો વિસામો આપવાનું વચન આપે છે: **''મારી પાસે આવો...મારી ઝૂંસરી સહેલ છે, ને મારો બોજો હલકો છે.''** માથ્થી ૧૧:૨૮, ૩૦.

## પિતર આપણને યાદ અપાવે છે!

**''તમારી ચિંતા તેના પર નાખો, કેમ કે તે તમારી સંભાળ રાખે છે.''** ૧ પિતરનો પત્ર ૫:૭. મને 'તેના પર નાખો' શબ્દ ગમે છે, કારણ કે તેનો અર્થ છે નાખી દેવું – તેને પોતાની જાતે ઉંચકીને લઈ જવાથી થોભી જવું. અને ઈસુ ખ્રિસ્ત પ્રેમથી આપણને ફરીથી આમંત્રણ આપે છે:

**''તમે પોતે મારી સાથે ઉજ્જડ ઠેકાણે એકાંતમાં આવો, ને થોડો વિસામો લો.''** માર્ક ૬:૩૧.

ઈસુ ખ્રિસ્ત, શાંતિના સરદાર, આ જગતમાં આવ્યા, આપણા માટે વધસ્તંભ પર મૃત્યુ પામ્યા અને ફરીથી સજીવન થયા જેથી આપણે શાંતિથી જીવી શકીએ અને તેમના વિસામાનો આનંદ માણી શકીએ. શા માટે આપણે આજે તેમના પર ભરોસો ન રાખીએ?

## પૂર્ણ કરતા એક યાદપત્ર!

**આપણી પાસે કેવા અદ્ભુત મિત્ર ઈસુ છે**
**આપણા સર્વ પાપો અને દુઃખો સહન કરવા માટે**
**ઉંચકી લઈ જવાનો કેવો લહાવો છે**
**પ્રાર્થનામાં સર્વ ઈશ્વરની પાસે**
**ઓહ, કેટલી શાંતિ આપણે વારંવાર ગુમાવીએ છીએ**
**ઓહ,આપણે કેટલું અનાવશ્યક ઉંચકી લઈ જઈએ છીએ**
**કારણ કે આપણે ઉંચકી લઈ જતા નથી**
**પ્રાર્થનામાં સર્વ ઈશ્વરની પાસે!**



**''મારી સમક્ષતા તારી સાથે આવશે, ને હું તને વિસામો આપીશ.''** નિર્ગમન ૩૩:૧૪.

આવો ઈશ્વરની હાજરી તમારી આગળ જવા દો – તમને વિસામો આપવા.

**ઈસુમાં ભરોસો રાખો.**
**સર્વ ઈશ્વરની પાસે લઈ જાઓ.**
**તેમની સાથે વાત કરો.**
**જે વિસામો તેઓ મુક્તપણે આપે છે તેને પ્રાપ્ત કરો.**

### નોટિસ

આપના મોબાઈલ ફોનમાં અમારા મોબાઈલ નંબર સેવ કરી રાખશો
(+91) 98410 71858,
(+91) 98412 71858
(main numbers) – સંપાદક

Posted at "Egmore RMS Patrika Channel" RNI NO. 70103/98, Postal Regn. No. TN/CH(C)/203/24-26 WPP NO. TN/PMG(CCR)/WPP-216/24-26

## OUR BANK DETAILS:

### *1. Bank : State Bank of India*

| | |
|---|---|
| Branch | : **Triplicane, Chennai-5** |
| Name | : **S. Sam Selva Raj** |
| A/C No. | : **1023 2934 679** |
| IFSC | : **SBIN 00 00 249** |

SWIFT CODE : **SBI NIN BB 455**

### *2. Bank : ICICI Bank*

| | |
|---|---|
| Branch | : **Anna Salai, Chennai-6** |
| Name | : **Echo of His Call** |
| A/C No. | : **6038 0502 2319** |
| IFSC | : **ICIC 000 6038** |

### *3. Bank : State Bank of India*

**(This Account is for Tax Exemption for Indians only )**

| | |
|---|---|
| Branch | : **Triplicane, Chennai-5** |
| Name | : **Echo of His Call Educational Trust** |
| A/C No. | : **1023 2923 805** |
| IFSC | : **SBIN 00 00 249** |

## OUR QR CODE:

ECHO OF HIS CALL

Scan to pay with any UPI app

State Bank of India 6003

**Google Pay: 98410 71858**
**PayPal : SAM SELVA RAJ**
*****
**E.mail : sam@echoofhiscall.org**

# તેમના સાદનો પ્રતિસાદ

૧૬ ભાષાઓમાં પ્રકાશિત ઋતુ માસિક સામાયિક, બાઈબલ કોલેજો, પત્રવ્યવહાર અભ્યાસક્રમો, ચર્ચ પ્લાંટીંગ, પ્રાચ્ય અંગ્રેજી માધ્યમિક સ્કુલ, સુવાર્તા છાપખાનું, ધર્મસભાઓ, પરિસંવાદો, સામાજીક સેવાઓ વગેરે.

વાર્ષિક લવાજમ : રૂ.૧૦૦/- આજીવન લવાજમ રૂ.૨૦૦૦/-

**તેમના સાદનો પ્રતિસાદ** (ઇકો ઓફ હીઝ કોલ) મિનિસ્ટ્રીની અનેકવિધ પ્રવૃત્તિઓ તમારા જેવા દેવના લોકો દ્વારા મળનાર સ્વૈછીક દાનો પર આધારીત છે. જેમ ઈશ્વર તમને દોરે તેમ તમે ઈકો ઓફ હીઝ કોલ અને તેની પ્રવૃત્તિઓને મદદ કરી શકો છો. અમને તમારી મદદની જરૂર છે જેથી અમે વણખેડાયેલા લોકો સુધી સુવાર્તા મોકલી શકીએ અને ચર્ચો ઉભા કરી શકીએ.

જો તમે **ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) સામાયિક નિયમિતપણે મેળવવા માગો છો, તો મહેરબાની કરીને અમારા પર લખો. જ્યારે પણ તમે તમારું પત્રવ્યવહાર સરનામું અથવા ઈમેલ સરનામા બદલો, મહેરબાની કરીને અમને તમારા જુના અને નવા સરનામા જણાવશો.

**ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) ૧૬ ભાષાઓમાં અમારી વેબસાઈટ પર ઉપલબ્ધ છે, તમે તે સાઈટ પર જઈને વાંચી શકો તેમજ ડાઊનલોડ કરી શકો અને આશિર્વાદ મેળવો.

તમારા પત્રો, પ્રાર્થના વિનંતિઓ અને તમારી નાણાંકીય મદદો મનીઓર્ડર, ચેક અથવા ડી.ડી.દ્વારા NEFT, PayPal (Sam Selva Raj, sam@echoofhiscall.org) Phone Pay (9841071858) GPay (9841071858) વેસ્ટર્ન યુનિયન, મનીગ્રામ વગેરે મારફત ઇકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રી પર નીચે દર્શાવેલ સરનામાપર મોકલી શકો છો.

મહેરબાની કરીને તમારા **ઘરનો ફોન/સેલ નંબરો, ઈમેલ સરનામા** અપડેશન માટે મોકલો.

અમારું સરનામું **ECHO OF HIS CALL**

10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA
PH: (+91-44) 2852 8282, 2852 9293, 2854 7766/ Cell: (+91) 98410 71852, 95661 31858 / E.mails: sam@echoofhiscall.org / biblecor@yahoo.co.in
Websites: www.echoofhiscall.org / www.stpaulsmatriculation.org

**YOU CAN SEND YOUR DONATION ONLINE ALSO**

RNI NO. 70103/98
Postal Regn. No. TN/CH/(C)/203/24-26
WPP NO. TN/PMG(CCR) / WPP- 216/24-26
Date of Publication: Third week of every month
Date of Posting : 15th & 16th of every month
Posted at "Egmore RMS Patrika Channel"
on 16th MARCH 2026

If un-delivered please return to:
**ECHO OF HIS CALL (GUJARATI)**
P.O. Box No. 2957,
Chepauk, Chennai - 600 005, INDIA.
Phone: (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766

*JESUS LOVES YOU!*

To

*GOD BLESS YOU!*

Owned and published by **S. Sam Selva Raj** from New No. 8 & 10, Old No.18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005 and printed by **S. Sam Selva Raj** at **Echo of His Call Printers**, New No. 8 & 10, Old No.18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005. Editor: **S. Sam Selva Raj.**